**રાજય ચૂંટણી આયોગ,**
**બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૨૩ –૫–૨૦૧૮**

**ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૪)નો.ર.નં.૭–૫૨૦૧૮–ક.**

**–: જાહેર નોટિસ :–**

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ડ અને ૨૪૩–વ ક ની જોગવાઈ અનુસાર રાજય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજયની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજયમાં રાજય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક :રાચઆ –ચટણ– સ્થા. સ્વ.– ૨૨૧ (૪) નો.ર.નં.૭–૩૨૦૧૨ –ક, તા.૨૮–૩–૨૦૧૨ થી **ભારતીય નેશનલ જનતા દળ**ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.આયોગના તા.૮–૨–૨૦૧૨ના આદેશ ક્રમાંકઃરાચ૫–ચટણ– સ્થા. સ્વ. ૨૨૧ (૧) –૨૨૦૧૨–કમાં થયેલ જોગવાઈ મુજબ આયોગના તા.૩–૮–૨૦૧૨ના આદેશથી ઉકત પાર્ટીને 'પતંગ ' પ્રતીક કામચલાઉ ધોરણેપાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવેલ.

આયોગના તા.૧૮–૧૨–૧૭ના પત્રથી તથા તા.૮–૩–૧૮ના સ્મૃતિપત્રથી પ્રમુખશ્રી, ભારતીય નેશનલ જનતા દળને વર્ષ.૨૦૧૨માં તેઓના પક્ષને ફાળવેલ પ્રતીકની મુદત પૂર્ણ થવા છતાં હાલ પૂરતુ તેઓના પક્ષને ફાળવેલ પ્રતીક યથાવત રાખવામાં આવે છે તથા જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૧૮માં યોજાનાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી યોજાયાબાદ તુર્તજ આયોગના તા.૪–૧૨–૧૭ના આદેશથી નકકી કરેલ મુક્ત પ્રતીકની યાદીમાંથી પ્રતીક પસંદગી કરી આયોગમાં મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

ઉપરોકત પક્ષે તેઓના તા. ૧૯–૪–૨૦૧૮ ના પત્રથી **''પૃથ્વીનો ગોળો'** પ્રતીકની માંગણી કરેલ છે. ઉક્ત પક્ષને **સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે નવેસરથી 'પૃથ્વીનો ગોળો' પ્રતીક કામચલાઉ ધોરણે પાંચ વર્ષ માટે ફાળવવા આયોગે વિચારેલ છે.**

**'પૃથ્વીનો ગોળો ''** પ્રતીકની આકૃતિ/ ચિહ્ન નીચે મુજબ રહેશે.



P.T.O

ભારતીય નેશનલ જનતા દળને **'પૃથ્વીનો ગોળો'** પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં **"સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯,૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર– ૩૮૨૦૧૦"** ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા,સલાહ,સૂચન મળશે તો રાજય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે.મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા,સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કઈ વાંધા , સલાહ,સૂચન મળેલ નહિ હશે તો રજૂઆત કરનાર પક્ષની માંગણી મુજબ પ્રતીક ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી આયોગ નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી,**
**ભારતીય નેશનલ જનતા દળ**
**૭૦૧/એ,૭મો માળ, મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ,**
**સેકટર –૧૧,ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :–**

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના:–**

- કલેકટરશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સંયુકત કમિશ્નરશ્રી/નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે/,મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી (તમામ), રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- રાજય ચૂંટણી આયોગની તમામ શાખાઓ
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલા સર્વે રાજકીય પક્ષો

**નકલ રવાના:–**

સંયુકત સચિવશ્રી,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
રાજય ચૂંટણી આયોગની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવા સારૂ

**નકલ રવાના :–**

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર
આ જાહેર નોટિસ આજની તારીખના અસાધારણ સરકારી રાજયપત્રમાં ભાગ–૪ સી માં પ્રસિધ્ધ કરવા અને ગેઝેટની ૧૦ નકલ આ કાર્યાલયને તાત્કાલિક મોકલવા વિનંતી સહ.